# <u>મહે.ઝાલોદના એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ઝાલોદ.</u>

ક્રિમીનલ કેસ નં. ૨૯૬૪/૨૦૨૫
આંક : ૫

ફરીયાદી :– શ્રી સરકાર
**વિરૂધ્ધ**
આરોપી :– કલ્પેશભાઈ રમેશભાઈ ડાંગી
રહે. ગુલતોરા, પડાવ ફળીયુ તા. ઝાલોદ, જી. દાહોદ

ગુનો: <u>એમ.વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ</u>

**<u>ઠરાવ</u>**

આરોપીની પ્લી અને કેસની હકીકત વંચાણે લીધી. આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરેલ છે તથા આરોપીને ગુન્હા અંગેની સમજ આપવામાં આવેલ છે અને તેમ છતાં આરોપીએ ગુન્હો કબુલ મંજુર રાખેલ છે.આમ તમામ હકીકત તથા સંજોગો લક્ષે લેતા આરોપી સામેનો એમ.વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧) (બી) મુજબનો ગુનો હું પુરવાર થયેલો ગણુ છું.આરોપી તર્ફે થયેલ રજુઆત ધ્યાને લઈ તથા સજાની જોગવાઈ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

**<u>// હુકમ //</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૫ અન્વયે એમ.વી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧) (બી) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં દોષિત ઠરાવીને ગુન્હામા દોષીત ઠરાવીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા કુલ રૂ.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા)નો દંડ અને જો દંડ ન ભરે તો દિન–૦૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરુ છું.

આ હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ:– ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ :– ઝાલોદ.

**( એન. રાઘવ)**
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ, ઝાલોદ.
કોડ નં.જી.જે.૦૧૩૮૪